


## સલામી સવારની..

*બતાવ્યાં મૃગજળ, મૃગલાં રણમાં ભટકે છે,*
*લાવ્યા'તા 'રત્ન' ની જેમ હવે આંખમાં ખટકે છે.*
*ઝટકે હાથ હવે બંને પક્ષો ચટકે વચનો -*
*સત્તાના લોભીયા હવે ત્રિશંકુ જેમ લટકે છે...*
*(બંને પક્ષોમાં 'ટિકીટ' સમસ્યા)*

હાઈકુ

*અબજોપતિ -*
*જશે મંગળ ગ્રહે -*
*પાછા આવશે ?!*

*સત્તા-સર્પો ને*
*છછુંદ્દ 'અનામત'*
*અટક્યું ગળે...*

## ચિંતન

*કબીર યહ તન જાત હૈ, સકે તો ઠાર લગાય,*
*કૈ સેવા કર સંત કી, કૈ ગૌવિંદ ગુન ગાય.*

**ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.**

**કબીર માનવને ઉદ્દેશીને કહે છે કે, 'હે મૃત્યુલોકના માનવી ! તું જો તો ખરો તારો આ દેહ જેમાં તું બહુ આનંદ માની, તેની ખૂબ આળપંપાળ કરી તેને ખૂબ લાડ લડાવી રહ્યો છે તે તો આ જગત છોડીને ચાલ્યો જવાનો છે.'**

**કાળ તેને ઊંચકીને લઈ જઈ રહ્યો હશે ત્યારે તું એને રોકી શકીશ ? આ જગમાં તું તેને કાયમ રાખી શકીશ ? નહીં ને ? એ તો તારાથી બનશે જ નહીં, તો પછી અત્યારથી જ ચેતી જા અને સેવા કે ગોવિંદ ગુણ ગાવા એ બેમાંથી એક કામ કરી લે જેથી તારો માર્ગ તને સુખરુપ મોક્ષ ગતિ તરફ લઈ જાય.**

## સુવિચાર

- તમારું કામ પૂરા દિલથી કરજો અને તમે સફળ થશો,
  જાત પાસેથી કામ લેવામાં વળી હરિફાઈ શાની - **અમૃતબિંદુ**
- સમજણ ના લેન્સ વગર શાંતિ બેલેન્સ ન રહે - **એસ. ભટ્ટાચાર્ય**
- આપણે માત્ર અધિકારો માગીએ છીએ,
  માગવા માટે કેટલા સાચા છીએ એની આપણને ખબર નથી હોતી - **ચંદ્રકાન્ત બક્ષી**
- નૌકા તરે કે ડૂબે દરિયો કે દીવાદાંડીને કયાં કોઈ ફરક પડે છે - **સ્પેનીશ કહેવત**
- જયાં ખટપટ હોય ત્યાં ખુદા ખસી જાય છે, જયાં પ્રેમ હોય ત્યાં જ પરમેશ્વરનો પ્રકાશ હોય છે - **અનામી**
- નાસ્તિક ને મન ઈશ્વર શૂન્ય છે, આસ્તિકને મન ઈશ્વર શૂન્ય છે,
  આસ્તિક ને મન ઈશ્વર પૂર્ણવિરામ છે - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : બે ચમચી સૂંઠનો પાઉડર દરરોજ ઉકાળીને પીવાથી અનેક ફાયદા છે

**(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

સામાન્ય લોકો પ્રેરણા ત્યારે જ લે છે, જયારે આદર્શોની ચર્ચા કરનારા, નીતિવત્તે, નિયમો ઘડનારા પોતે પણ તેનું પાલન કરે.

એક ઉનાળામાં લૂ નું પ્રચંડ જોર રહ્યું. પ્રજા પ્રમાણમાં ગરીબ એટલે ઝૂંપડા ઘાસના બનાવી રહેતી હતી. વધારે પડતી ને કારણે લોકો આળસુ તથા લાપરવાહ થઈ ગયા હતા. આવા સંજોગોમાં ઘાસના ઝુંપડામાં આગ લાગવાની ઘટનાઓ વધવા લાગી.

બિંબિસાર રાજા પ્રજા વત્સલ હતા. તેઓ પીડિતોને મદદ કરે પણ લોકોની લાપરવાહીથી પીડિતોની મદદની રકમ વધતી ચાલી. આથી બિંબિસાર રાજાએ નિયમ બનાવ્યો. કે જેના ઘરમાં આગ લાગશે તેને મદદ મળશે પણ એક વરસ તેણે સ્મશાનમાં રહેવા જવું પડશે. લોકો આ નિયમ સાંભળી સાવધાન તો થઈ ગયા.

આવા સંજોગોમાં રાજાના ઢોરવાળાની પાસે રાખેલા ઘાસમાં આગ લાગી. રાજા બિંબિસારે નક્કી કર્યું મારે પણ સ્મશાનમાં એક વરસ રહેવા જવું. ત્યારે દરબારીઓએ સમજાવ્યા. 'નિયમ તો પ્રજાજનો માટે હોય છે. રાજા તો નિયમ બનાવે છે, એટલે તેને લાગુ પડતા નથી.' પરંતુ બિંબિસારે કોઈનું ન માન્યું તેઓ પણ સ્મશાનમાં રહેવા લાગ્યા. રાજયમાં આ સમાચાર ફેલાયા તો સૌ સંતર્ક અને લાગવાની દુર્ઘટનાઓનો ક્રમ સમાપ્ત થયો.

# દિલ્હીના ઉદાહરણથી શીખ લઈએ

તંત્રીસ્થાનેથી...

જયાં રહેવાને શહેરીજનો ગૌરવ ગણતા હતા એ જ દિલ્હીના રહીશો હવે આ શહેરમાં રહેવાને શ્રાપ ગણી રહ્યા છે. કારણ છે પ્રદૂષણ. દિલ્હીમાં પ્રદૂષણ એ હદે વધી ગયું છે કે જો જલદી એનો કોઈ ઈલાજ કરવામાં નહીં આવે તો કાં તો પ્રદૂષણ જીવોનો ભોગ લેવાનું શરૂ કરશે ને કાં તો શહેરીજનોને શહેરથી ઉચાળા ભરી જવાનું તંત્રએ કહેવું પડશે.

દુનિયાનાં સૌથી વધુ પ્રદૂષિત ૨૦ શહેરોમાં દિલ્હીનું નામ છે. આજકાલ તો આ પ્રદૂષણનું સ્તર એ હદે વધ્યું છે કે અહીંના રહીશો કામ વિના ઘરની બહાર નીકળવાનું પણ ટાળે છે. દિલ્હી-ઍનસીઆરમાં તો સ્મોગનું જોખમ એટલું વધ્યું છે કે તંત્રએ અને નાગરિકોએ જીવની ચિંતા કરવી પડે તેમ છે. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે તો એટલે સુધી કહ્યું છે કે 'દિલ્હી ગૅસ ચૅમ્બર બની ગયું છે.' શ્વાસની તકલીફવાળા દર્દીઓ તો બહાર નીકળી ન શકે એટલી ખરાબ છે અહીંની હવા. દિલ્હીના કેટલાક વિસ્તારોમાં તો ઍર ક્વૉલિટી ઈન્ડેક્સ ૪૦૦ની પાર પહોંચી ગયો છે.

પ્રદૂષણથી દિલ્હીવાસીઓને જોખમ છે એ તો તંત્ર સ્વીકારી રહ્યું છે પરંતુ એ માટેનો કોઈ નક્કર ઉપાય કોઈના હાથમાં નથી એય મોટી કરુણતા છે. એવું માનવામાં આવે છે કે પંજાબ અને હરિયાણાનાં ખેતરોમાં સળગાવવામાં આવતા ઘાસને કારણે સ્મૉગની માત્રા આટલી વધી છે. પરંતુ, આ હકકીત નથી. દિલ્હીના આવા હાલ તો વર્ષોથી છે.

પહેલાં દિલ્હીના પ્રદૂષણ માટે ફટાકડાને કારણભૂત ગણાવવામાં આવતાં હતાં પરંતુ ફટાકડા ઉપર પ્રતિબંધ પછી પણ સ્થિતિ ત્યાંની ત્યાં જ છે. હકીકતે વધતો ટ્રાફિક અને સમયસર આ સમસ્યા પ્રત્યે ધ્યાન ન આપવું એ પણ જવાબદાર કારણો છે જ. દિલ્હીના રાજકીય, ઐતિહાસિક મહત્ત્વને કારણે દેશ-વિદેશના લોકો મોટી સંખ્યામાં ત્યાં આવ-જા કરે છે અને આ લોકો સતત ફરતા રહેવાને કારણે વાહનોનું પ્રદૂષણ પણ આ સ્થિતિ માટે જવાબદાર છે. વસતીની ગીચતા, આર્થિક સ્થિતિ સારી હોવાને કારણે એક વ્યક્તિ અને એક કારની સ્થિતિએ પણ આ સ્થિતિને બદતર બનાવી છે. આમ ઘણાં કારણો આ સ્થિતિ માટે જવાબદાર છે પણ સૌથી મોટું જે કારણ સામે આવ્યું છે તે છે લોકોની પોતાની બેદરકારી, નાગરિકોનું પરિસ્થિતિ પ્રત્યે દુર્લક્ષ.

આવી જ સ્થિતિની નજીક દેશનાં અન્ય શહેરો પણ છે. મુંબઈ, અમદાવાદ, સુરત, બેંગ્લોર જેવાં અનેક શહેરો આ સ્થિતિની નજીક ધીમી પણ મક્કમ ગતિએ જઈ રહ્યાં છે. આંકડાઓ આવે છે, લોકો વાંચે છે ને ઘડીભર અફસોસ વ્યક્ત કરીને ભૂલી જાય છે. પરંતુ એ માટે એક નાગરિક તરીકે પોતે શું જવાબદારી નિભાવવી જોઈએ એ બાબતની ચર્ચા કોઈ કરતું નથી કે નથી કરતું આ જવાબદારીનો અમલ.

દિલ્હી એ ઉદાહરણ છે, લાલબત્તી છે આપણા સૌ માટે. આ લાલબત્તીને ચેતવણી માનીને રોકાઈ જઈશું, વિચારીશું ને બંને તરફ જોયા પછી જ સમયનું ફાટક ઓળંગીશું તો સ્વસ્થ આવતીકાલનાં દર્શન કરી શકીશું, અન્યથા પ્રદૂષણની રેલ આખી દુનિયાને તો ઘમરોળી જ રહી છે, આપણનેય કચડી નાખતા વાર નહીં લગાડે.

# હર્ષકાન્તનું મન તેને મળવા તડપતું હતું




હર્ષકાન્ત ભાઈએ બગીચામાં દૂર દૂર સુધી નજર દોડાવી. લગભગ બધું જ ગયા વર્ષ જેવું જ હતું. હા, આ વર્ષે આખો બગીચો સંગીતની સુરાવલીઓથી ગુંજતો હતો. ગાંધીનગરમાં તે દીકરાને ઘેર આવ્યા હતા. હર્ષિલને રજાઓ હતી. રજાઓમાં બંને મહિનો અહીં જ રોકાવાની ઈચ્છાથી આવ્યા હતા.



પહેલા જ દિવસે બંને ગયા વર્ષની જેમ બગીચામાં ફરવા આવ્યા હતા. સાંજનો સમય હતો. બે કિલોમીટર જેટલી લંબાઈ ધરાવતા આ બગીચામાં દોઢસો બસો જેટલાં અનેક જાતના લોકો ફરવા આવેલાં હતાં. તેમના પહેરવેશ - હાવભાવ, હર્ષિદા વૉક કરવા વહેલી આવી હતી. બગીચાના પ્રવેશદ્વારમાં પ્રવેશતા હર્ષકાન્તે જોયું કે હર્ષિદા અડધો રાઉન્ડ પુરો કરી ચૂકી છે. હજુ તે માંડ દશ ડગલાં ચાલ્યા હશે ત્યાં પાછળથી તેમને કોઈએ કહ્યું, 'ગુડ ઈવનીંગ' પાછા ફરીને જોયું તો કોઈ પંચોત્તેર વર્ષના વયસ્ક માથે સ્પોર્ટ્સ કેપ પહેરેલી હતી ને મંદ મંદ સ્મિત આપી રહ્યા હતા. તેમણે પણ સ્માઈલ સાથે ગુડ ઈવનીંગ કહ્યું.

'ફ્રોમ વેર આર યૂ કિમંગ ?' ચાલતાં ચાલતાં તેમણે પુછી નાખ્યું.

'આઈ એમ ફ્રોમ રાજસ્થાન' તેમણે કહ્યું.

'એક્ચ્યુલી આઈ બિલોંગ ટૂ બાડમેર.'

'ઓહ, ધેન યૂ આર એ માઈગ્રેટેડ બર્ડ.'

હર્ષકાન્તે ધીમેથી કહ્યું, 'કંઈક એવું જ સમજી લો.' વયસ્કે પોતાનો અનુભવ જણાવ્યો. 'ચાલતી વખતે ગર્દન ટટ્ટાર રહેવી જોઈએ. નીચુ જોઈ ચલાય નહીં, મારી જેમ સીધા અકડીને ચાલો.'

'ઓ. કે. થૈંક યૂ ફોર ધ એડવાઈસ.'

પેલા વયસ્કે ફરી કહ્યું, 'સી ધેટ પર્સન હાઉ હી ઈઝ વોકીંગ. જોઈન ધ ફિંગર્સ એન્ડ થમ્બ લાઈટ ધીસ. યૂ વીલ ફિલ સ્મુથ બ્રિધીંગ' હર્ષકાન્તે વડીલની એ દલીલ પણ સ્વીકારી લીધી.

અત્યાર સુધીમાં તે બંને બગીચામાં અર્ધો રાઉન્ડ પુરો કરી ચૂક્યા હતા. આગળ - પાછળ કોઈના હાથ-પગ ભટકાઈ ન જાય તેનું બરાબર ધ્યાન રાખતા હતા. બાંકડા પર વયોવૃદ્ધ સ્ત્રીઓ અને પુરુષો વાતોમાં મશગૂલ હતાં. હર્ષકાન્તે અમુક કપલ એવાં પણ જોયા જે હાથમાં હાથ લઈને જાણે કે ઉડવા માટે તૈયાર બેઠાં હતા. બગીચાના એક ખૂણામાં ધ્યાન, યોગ અને બાળકોને રમવાની વ્યવસ્થા હતી. હર્ષકાન્તે વિચાર્યું કે શું મારા શહેરમાં પણ આવો સુંદર બગીચો કયારેક બનશે કરો ? તેને બીજી જ ક્ષણે વિચાર આવ્યો કે પેલા ભાઈને પુછી જોઉં કે તમે કયાંના છો, પણ તે પહેલાં વયસ્ક વ્યક્તિએ તેને ફરી પુછી નાખ્યું. 'વેયર ધ સન વર્કિંગ ઈન વીચ કંપની ? હર્ષકાન્તે કહ્યું કે તે ઈન્ફોસીટીમાં એક આઈ.ટી. કંપનીમાં છે. હર્ષકાન્તને વયસ્ક વ્યક્તિ ખુબ સ્માર્ટ, ખુલ્લા દિલનો અને રંગીન મિજાજનો લાગ્યો. આ વખતે તેણે પુછી નાખ્યું.' તમે કયાંના છો ?

'હું તો અહીંનો જ છું. આઈ હેવ ટૂ સન્સ. ધે આર વર્કીંગ ઈન કેનેડા.'

'તો પછી તમે ?' તેણે આશ્ચર્યથી વયસ્ક વ્યક્તિને પૂછ્યું. તેણે કહ્યું, હું અને મારી પત્ની અહીં રહીએ છીએ. ઈચ્છા થાય ત્યારે કેનેડા જઈએ છીએ. મનમાં એમ થાય કે અહીં રહેવું છે ત્યારે અહીં આવી જઈએ છીએ. બોસ, અમારે કોઈ બંધન નથી. શું સમજ્યા ? એકદમ ખુલ્લા આકાશમાં ઉડતા આઝાદ પંખી છીએ.' એક રાઉન્ડ હવે પુરો થયો હતો. વયસ્કે બગીચાના દરવાજાની બહાર જતાં કહ્યું, 'ઓ.કે. બાય... બાય... સી... યૂ અગેઈન.'

.... હર્ષકાન્તને પંદર દિવસ થઈ ગયા. રોજ સાંજે બે બગીચામાં ફરવા આવતા... તેમની આંખો પેલા વયસ્કને શોધતી હતી. પણ એ બીજીવાર મળ્યા નહીં. મલશે, કયારે મળશે, મલશે કે નહીં કોણ જાણે હર્ષકાન્તનું મન તેને મળવા તડપતું હતું.

# મેરે તો ગિરધર ગોપાલ, દુસરો ન કોઈ...



અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે કે ''ઘર વેચીને પણ ભગવાન ભજી લેવા.'' ભગવાન ભજી લેવાનું મહત્વ કેટલું છે, તેની ઊંચી વાત કરી છે. ભગવાનને ભજવાનું કે સત્સંગ યા ધર્મ-નિયમમાં રહેવું બહુ અઘરું હોય છે. યોગીજી મહારાજ દૃષ્ટાન્ત આપતા કે બધા ધર્મ કે બધા દેવ-દેવીઓને ભજવા ના જવાય. કોઈ એક દેવ પ્રત્યે આસ્થા — પ્રીતિ દૃઢ રાખવી. બધે ચોખા મૂકવા ન જવાય. ભૂતલમાંથી પાણી મેળવવું હોય તો જમીનમાં અત્ર, તત્ર, સર્વત્ર ખાડા ન કરાય. કોઈ એક જગ્યાએ જ એક ખાડો પણ એ ઊંડો કરવો.

ધર્મ, ભક્તિ અને સાધનામાર્ગમાં પણ આ રીત છે. મીરાંબાઈએ તો ગાયું છે ને કે ''મેરે તો ગિરધર ગોપાલ, દુસરો ન કોઈ.'' એક જ જગ્યાએ ધ્યાન કેન્દ્રિત કરવાથી પરિણામ મળે છે. ઘણા લોકો વગવાળી વ્યક્તિના પ્રભાવમાં આવીને સંબંધ બાંધે છે, રાખે છે, વધારે છે. દસ જણા સાથે સંબંધ હોય, પરંતુ જયારે તમારે કામ પડે ત્યારે એક પણ વગવાળી વ્યક્તિ તમને મદદ કરવા આગળ આવશે નહીં. મન, મોતી ને કાચ, તૂટે પછી જોડી શકાતા નથી અને જોડવામાં આવે તો સાંધા દેખાતા હોય છે. એક ગુજરાતી કહેવત છે કે ''સાંધા ત્યાં વાંધા'' સાંધા કરી કરીને સંબંધ ટકાવી રાખો ત્યાં વાંધા જ પડતા હોય છે.

શ્રીજી મહારાજે વચનામૃત અંત્યના ૧૭માં કહ્યું છે કે ''મને કરીને નિર્વાસનિક રહેવું, એવો અમારો મત છે.'' અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ પણ કહ્યું છે કે ''અમે ભગવાનને ક્ષણમાત્ર ભુલતા નથી.'' ફૂલ પોતાની ભીતરની સુવાસનો પ્રચાર કરતું નથી. સુવાસ સ્વયં ફૂલની ઓળખ

**ફૂલ પોતાની ભીતરની સુવાસનો પ્રચાર કરતું નથી. સુવાસ ફૂલની ઓળખ ફેલાવે છે. પ્રમુખ સ્વામી કહેતા કે ''અજ્ઞાનીને મન કોઈ સુખ નથી અને જ્ઞાનીને મન કોઈ દુઃખ નથી.''**

ફેલાવે છે. પ્રમુખ સ્વામી મહારાજ કહેતા કે ''અજ્ઞાનીને મન કોઈ સુખ નથી અને જ્ઞાનીને મન કોઈ દુઃખ નથી.''

તમે ભગવાનને અર્પણ કરો તેથી અનેકગણું ભગવાન પોતાના ભક્તને પાછું આપે છે. મહાભારતનો જાણીતો પ્રસંગ છે. ભગવાન શ્રીકૃષ્ણને જમણા હાથની આંગળીએ ઘા પડ્યો ત્યારે અષ્ટ પટરાણીઓએ પાટો શોધવા દોડાદોડ કરી મૂકી. આ વખતે દ્રૌપદીએ ભગવાનની પીડા પારખી લીધી. પોતાની સાડીનો છેડો ફાડીને તેનો પાટો કરીને ભગવાનની આંગળીએ બાંધી આપ્યો. ભગવાને સભામાં દ્રૌપદીનું વસ્ત્રાહરણ થયું ત્યારે ૯૯૯ ચીર પુરીને લાજ બચાવી ઋણ ચુકવ્યું.




ભક્તને પોતાના ભગવાન કણ કણમાં દેખાય છે. ઈશાવાસ્ય ઉપનિષદમાં કહ્યું છે કે ''ઈશાવાસ્યમિદમ્ સર્વમ્'' અર્થાત્ ઈશ — ઈશ્વરનો વાસ સર્વત્ર છે. પ્રાગ (જર્મની)માં ભેગા મળેલા વિશ્વશ્રેષ્ઠ વૈજ્ઞાનિકોએ પોતાની વર્ષોના શોધ-સંશોધન અને પ્રયોગોનું તારણ જાહેર કર્યું હતું કે ''અમે ગૉડ પાર્ટિકલની શોધ કરી નાખી છે.'' તેમણે અંતે તો એટલું જ કહ્યું કે ગૉડ પાર્ટિકલ અણુ — અણુમાં છે. તે પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશમાં પણ છે. હવે આમાં તેઓએ નવું શું કહ્યું? આ જ પાંચ તત્વોની વાત આપણા હિન્દુ ધર્મગ્રંથો, ચાર વેદ, ઉપનિષદો અને અઢાર પુરાણોમાં હજારો વર્ષ પહેલા કહી છે. નરસિંહ મહેતાએ પણ ૬૦૦ વર્ષ પહેલા કહ્યું છે કે ''અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ.''

પંચ તત્વોથી સકળ સંસાર અથવા પૃથ્વીનું નિર્માણ યા સર્જન થયું છે. આપણા શાસ્ત્રોએ કહ્યું છે કે ''જે બહાર છે તે જ ભીતર છે.'' અથવા ''જે ભીતર છે તે જ બહાર પણ સર્વવ્યાપી છે.'' આપણે જાણીએ છીએ કે પૃથ્વી એ સૂર્યમાંથી છુટો પડેલો અગનગોળો માત્ર છે. આ ગોળો બ્રહ્માંડમાં એટલે કે અવકાશમાં ચોક્કસ ગતિએ આજે પણ ફરતો જ રહ્યો છે. પૃથ્વીના ગોળાને ઠરતા લાખો — કરોડો વર્ષ થયા. પૃથ્વી એટલે અગનગોળો.

આપણે ઉદાહરણથી સમજીએ કે ગરમ દૂધની ઉપર તર બાઝે છે. જેને આપણે મલાઈનું આવરણ પણ કહીએ છીએ. પરંતુ તર (મલાઈ)ની ભીતર શું છે? એની ભીતર તો દૂધ જ છે. અગ્નિ એટલે જળ. આ વાત વૈજ્ઞાનિકોએ પણ સ્વીકારી છે. પૃથ્વીનો અગનગોળો ઠર્યો એટલે ઉપરના ભાગે જે તર બની તે આપણી ધરા, વસુંધરા, ધરતી. અગ્નિ ઠરે એટલે તે પાણીનું સ્વરુપ ધારણ કરી લે. ધરાના આવરણની ભીતર પાણી જ પાણી છે એ આપણે જાણીએ છીએ.

ભીતર — બહાર એક જ તત્વ છે. જેમ પૃથ્વી પંચ તત્વ (૧) પૃથ્વી, (૨) જળ, (૩) અગ્નિ, (૪) વાયુ અને (૫) આકાશથી સજ્જ છે એમ માનવશરીર પણ પંચ તત્વનું બનેલું છે. પૃથ્વી ઉપર ૬૫ ટકા પાણી છે તો માનવશરીરમાં પણ ૬૫ ટકા પાણી છે. પૃથ્વીનું તાપમાન — ઉષ્ણતામાન ૯૮.૫ સેલ્સિયસ છે તો માનવશરીરનું સામાન્ય તાપમાન પણ ૯૮.૫ સેલ્સિયસ છે. અગ્નિનું સ્વરુપ અથવા તાસીર ગરમી છે. અગ્નિ ગરમ છે અને દઝાડે છે. તમે જયારે ગરમીથી દાઝો છો, ત્યારે તમને પરસેવો વળે છે. આમ શરીરની ગરમી — અગ્નિ પાણી સ્વરુપે બહાર આવે છે.

જસ્ટ ટ્વીટ :

''બિના રંગાયે મૈં તો ઘર નહીં જાઉંગી,
બીત હી જાયે, ચાહે યે સારી ઉમરીયા.''

- મીરાબાઈ

# મમતાનો આંધળો પાટો...!! મુન્ની ગુમ થતાં જ એની આંખે અંધારા આવી ગયા...!!



ધબકારાં ઊંચા થઈ જવાં... આંખે અંધારા આવી જવાં... શ્વાસ થંભી જવો... પગ ખોડાઈ જવાં... નાની યાદ આવી જવી... ગળું સુકાઈ જવું... રઘવાટ થઈ જવો... જીવ અદ્ધર થઈ જવો... પરસેવો છૂટી જવો... ગાત્રો શિથિલ થઈ જવાં... શંકા-કુશંકા થવી... જેવાં અનેક રૂઢી પ્રયોગો એક સાથે મલયને યાદ આવ્યા હતા. કયારેક જિંદગીમાં એકાદ એવો પ્રસંગ બને કે આ બાધા રૂઢિપ્રયોગોનો અખતરો જાણે આપણે જ કરવાનો હોય એવું લાગે, અને એ પણ માત્ર અડધાં જ કલાકમાં આખું બ્રહ્માંડ યાદ આવે અને કેટલીય માનતા મુકાઈ જાય.

રવિવારે સવારે તો મલયના મોબાઈલમાં એક મેસેજ આવ્યો. જેમાં ચિત્ર હતું, એક સ્ત્રીએ એના પગ સાથે એનાં નાનકડાં બાળકને દુપટ્ટાથી બાંધેલું અને એ મોબાઈલ પર વ્યસ્ત હતી, મલયને એ જોઈ હસવું આવેલું. છોકરું ઘરમાં કયાં ગાયબ થઈ શકે? પણ એને કયાં ખબર હતી કે આજે સાંજે એની સાથે કંઈક એવી જ ઘટના બનવા જવાની હતી. મલયની દીકરીનું નામ શ્રીહરિ, માત્ર ત્રણ વર્ષની નાનકી, રૂપાળી અને જોતાંવેંત ગમી જાય એવી...

મલયની પત્નીનું નામ ઝંકાર, ગૃહિણી હતી પણ કંઈકને કંઈક પ્રવૃત્તિ કર્યા કરે. સાથે મલયના મમ્મી, જેમને ડાયાબિટીસ હતો. એમને રોજ ચાલવું અત્યંત આવશ્યક, પણ એમને ચાલવાનો ખૂબ કંટાળો, એટલે બગીચામાં આંટો મારી મંદિરે દર્શન કરાવવાની બળજબરી કરવી પડતી. શ્રીહરિ એકદમ 'હાયપર એક્ટિવ' અને 'હાયપર એક્ટિવ' એટલે એ મમ્મી ઝંકારને આખો દિવસ દોડાવી વગર ડાયેટીંગ એનું શરીર ફીટ

**સૂર્ય ડૂબ્યો ને ઉગી છે સાંજ, તું આવી જજે,**
**આજ અત્યારે અને હમણાં જ, તું આવી જજે.**
**રાત અંધારી અને રસ્તોય ભૂલી આથડું,**
**પ્હોંચવું કયાં કોઈ ના અંદાજ, તું આવી જજે !**
**- હરિ શુક્લ**

રખાવતી. આખો દિવસ એની કસરત થાય એટલે સાંજે મલય ઘરે આવતાં શ્રીહરિને લઈને એ આંટો મારવા નીકળતો.

રવિવારે સાંજે પણ એ શ્રીહરિ અને મમ્મીને લઈને ફરવાં નીકળ્યો. થોડીવાર ચાલીને આવ્યા બાદ એ પોતાના ફલેટ તરફ જતો હતો ત્યાં સામેના ફલેટમાં રહેતા મહેતાજીનો એકાદ વર્ષનો દીકરો શ્રેયાનને એના પપ્પા તેડીને આવતા હતા. શ્રેયાન પણ એકદમ રૂપાળો અને એક્ટિવ, રમાડવો ગમે એવો ક્યુટ, એટલે મલયને એને તેડીને ફરવાની ઈચ્છા થઈ. એણે કહ્યું, 'ચલ બેટા, આવી જા.' અને એ તરત જ જમ્પ મારી મલય જોડે જતો રહયો. ફલેટનો દાદરો ચઢી રહેલી મમ્મીને મલયે બુમ પાડી અને શ્રીહરિને ઉપર લઈ જવા કહ્યું. મલયે શ્રીહરિને 'દાદી જોડે જા'ની સૂચના આપી અને ગેલેરીમાં ઊભેલી પત્નીને ઈશારાથી કહ્યું શ્રીહરિ ઉપર આવે છે. દાદી-શ્રીહરિને સાથે દાદરો ચઢતાં જોયાં બાદ મલય શ્રેયાનને લઈને ચાલવા નીકળ્યો.




ત્રણ માળની બિલ્ડીંગ હતી, મમ્મી તો ડાયાબિટીસને કારણે થાક ખાતાં સીડી ચઢે, એ ઉપર પહોંચતા સુધી તો મલય સોસાયટીનો આંટો મારી શ્રેયાન સાથે પાછો ફર્યો. શ્રેયાનને એના પપ્પાને પાછો સોંપીને એમની સાથે થોડાં ગપાટા મારવા રોકાયો. આ બાજુ મમ્મીએ ડોર બેલ વગાડતાં ઝંકારે બારણું ખોલ્યું. મમ્મીની સાથે શ્રીહરિ નથી એ જોતાં એણે ગેલેરીમાંથી બહાર આવી મલયને બૂમ પાડી, 'શ્રીહરિ કયાં છે?' એ બોલ્યો મમ્મી સાથે સીડી સુધી તો હું મુકીને ગયો હતો. એ મમ્મી સાથે ઉપર આવી હશે.

'ના, એ પાછી નીચે ગઈ લાગે છે, ઘરે નથી આવી.' મલય પર બોલ્યો, 'નીચે તો નથી, સીડીમાં ચેક કર...' પણ સીડીના બે આંટા અને આજુબાજુમાં શ્રીહરિ ના દેખાતા મલયને ટૂંકમાં ભનક લાગી કે એમની લાડલી મુન્ની શ્રીહરિ ગુમ થઈ ગઈ છે અને મલયના આંખે અંધારા આવી ગયાં, આખી ધરતી ગોળ ગોળ ફરવા લાગી, એને જાત પર કાબુ મેળવ્યો અને સોસાયટીમાં શ્રી હરિને શોધવા લાગ્યો.

થોડીવારમાં આજુબાજુના લોકો પર મુન્ની ગાયબ છે જાણતાં ભેગાં થવા લાગ્યાં અને એને શોધવા લાગ્યા. મહેતાજી એમની બાઈક લઈને આવ્યા અને મલય એનાં પર સવાર થઈ એ કઈ દિશામાં જાય છે એમ કહેતા દસ મિનિટમાં આવું કહીને નીકળ્યો. પાંચ મિનિટમાં સોસાયટીનો આંટો મારી પાછા આવ્યા પણ શ્રીહરિ મળી નહીં. શ્રીહરિ ગુમ થઈ છે જાણતાં ઝંકાર ખૂલ્લા પગે જ નીચે ઉતરી આવી, બહાવરી રાધાની જેમ બધી બાજુ મુન્નીને ગોતતી હતી. મલય અને મહેતાજીને ખાલી હાથે પાછા ફરેલા જોઈને એ ત્યાં જ ફસડાઈ પડી.

આટલી નાની છોકરી કયાં ગઈ હશે? કોના ઘરે પહોંચી હશે ? કોઈ ઉપાડી ગયું હશે ? સોસાયટીની બહાર રેલવે ટ્રેક છે, ત્યાં કંઈક... અનેક શંકા કુશંકાથી મન ઘેરાવા લાગ્યું. રસ્તામાં ગટરનું ખુલ્લું ઢાંકણું હતું... એમાં તો ? રેલવે લાઈનની ઉપર એક બ્રીજ હતો, ત્યાં તો નહીં પણ હોય ? પૂલ પરથી ચાલતા ગબડી પડશે તો ? મલયને યાદ આવ્યું કે મુન્નીને બ્રીજ પર રમવા - ફરવા ગમતું, એણે તરત જ બ્રીજ બાજુ દોટ મુકી, ૮૫ કિલોનું વજન ધરાવતો મલય બ્રીજનો ઢાળ ચાલતાં જયાં હાંફી જતો ત્યાં મુન્નીની શોધમાં દોડતો હતો.

બ્રીજના બીજા છેડે ઝૂંપડપટ્ટી હતી. બ્રીજ પર દોડતાં એને એક જ શંકા હતી કોઈ એને ઉપાડી ગયું હશે ? ઝુંપડપટ્ટીમાં સંતાડી હશે ? હૃદય

અનુસંધાન પાના નં. ૫ પર